GJAH220197572011

રજુ તારીખ:	૧૩	૧૦	૨૦૧૧
દાખલ તારીખ :	૧૩	૧૦	૨૦૧૧
ફેસલ તારીખ :	૧૯	૦૪	૨૦૨૫
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૧૩	૦૬	૦૬

મે.નામદાર બીજા એડીશનલ ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
(ડી.એચ.ખંભાતી) સાહેબની કોર્ટમાં, કોર્ટ નંબર–૪૬, મુ.અમદાવાદ શહેર.

ફોજદારી કેસ નંબર : ૭૮૩/૨૦૧૧.
આંક:– ૧૮

આશીષકુમાર શશીકાન્તભાઈ ગોયલ, તે
આશીષકુમાર ગોયલના પ્રોપરાયટર,
ઉવ. પુખ્ત. ધંધો :વેપાર
ઠે. ઓ–૧૦૩, ગ્રાઉન્ડ ફલોર, જયોતિ હાઈસ્કુલ,
નગરશેઠના વંડાની બાજુમાં, ધીકાંટા,
અમદાવાદ..**ફરિયાદી.**

–:: વિરુઘ્ધ ::–

મયુર રાજુભાઈ માળી,
ઉવ.પુખ્ત. ધંધો: વેપાર,
રહેવાસી: ૬૪, આશીષનગર સોસાયટી,
સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની બાજુમાં,
મેઘાણીનગર, અમદાવાદ.
તથા રહેવાસી: ૬૩, કેશવબાગ સોસાયટી,
ગર્વમેન્ટ કોલોની સામે, મેઘાણીનગર,
અમદાવાદ..**આરોપી.**

ગુન્હો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ

વકિલશ્રીઓ ::
ફરીયાદી તરફે વિધ્વાન વકિલ શ્રી ડી. જે. બારોટ.
આરોપી તરફે વિધ્વાન વકિલ શ્રી અશોક શર્મા.

-:: ઠરાવ ::-
તા. ૧૯/૦૪/૨૦૨૫

(૧) હાલના કામે આંક-૧ થી રજુ ફરીયાદ તારીખ :૧૩-૧૦-૨૦૧૧ના રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે દાખલ થયેલ છે. ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે કાપડનો હોલસેલમાં વેચાણ કરવાનો ધંધો કરે છે અને આ કામના આરોપી પણ કાપડનો ધંધો કરતા હોઈ એકબીજાના પરીચયમાં આવેલ અને આરોપી સાથે ધંધાકીય ઓળખાણ થયેલી. આ કામના ફરીયાદીએ આરોપીની જરૂરીયાત મુજબનું ૫૧૨ મીટર પેન્ટનું કાપડ વાઈબ્રન્ટ કોલેટીનું કુલ રૂા.૯૮,૦૦૦-૦૦ નો માલ ખરીદ કરેલ અને જે માલ આરોપીની ઓફીસ ધીકાંટા, અમદાવાદ ખાતે મોકલાવેલ જે માલ આરોપીએ જોઈ તપાસી મેળવી લીધેલ અને તે અંગેનું બીલ આ કામના આરોપીને આપેલ છે અને જે બીલ મુજબની લેણી રકમ રૂા.૯૮,૦૦૦-૦૦ પુરા આ કામના ફરીયાદીને આરોપી પાસેથી કાયદેસરની લેવાની બાકી નીકળે છે. ફરીયાદીની સદર લેણી રકમની માંગણી કરતા આરોપીએ ફરીયાદીની પેઢીના નામનો ચેક નં.૦૯૮૯૮૭, રકમ રુ.૯૮,૦૦૦/- નો તા. ૨૯/૦૮/૧૧ ના રોજનો એકસીસ બેન્ક લી.અસારવાનો તમારી સહી કરી લખી આપેલ અને આરોપીએ સદર ચેકમા બેંકમા જમા કરાવતા ચોકકસપણે સ્વીકારાઈ જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ.

(૧.૧) આમ, આરોપીએ આપેલ ઉપરોકત કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટેનો સદર ચેક તા.૦૩-૦૯-૧૧ના રોજ ફરીયાદીએ તેમના ખાતાવાળી બેન્ક

એચ.ડી.એફ.સી.બેન્ક લી. રીલીફ રોડ શાખા, અમદાવાદ, ખાતા નં.૦૯૦૧–૨૦૨૦૦૦૧૨૩૭ માં જમા કરાવતા સદર ચેક તા.૦૭–૦૯–૧૧ના રોજ ''ઈનસફીસીયન્ટ ફંડ'' ના શેરા સાથે પરત ફરેલ છે. ઉપરોકત હકીકતે તમો આરોપીએ ધંધાકીય જરૂરીયાત મુજબ માલ લઈ તેની માંગણી કરતા ચેક આપેલ. તે ચેક ફરીયાદીએ બેંકમાં ભરતા વગર સ્વીકારાયે પરત આવેલ અને તે ચેકનાં નાણા ફરીયાદીને મળેલ નથી.

(૧.૨) આમ, ઉપરોકત હકીકતે ફરીયાદીને તેમના કાયદેસરના લેણા પેટેની રકમ નિયત સમયચમર્યાદામા ચુકવી નહી આપતા આકામના ફરીયાદીએ આ કામના આરોપીને તેમના એડવોકેટ મારફતે ડીમાન્ડ નોટીસ તા.૧૫–૦૯–૧૧ ના રોજ રજી.એ.ડીથી મોકલાવેલ. જે નોટીસ આ કામના આરોપીએ તા.૧૬–૦૯–૧૧ના રોજ '' નોટ કલેમ'' ના શેરાથી પરત આવેલ અને આરોપીએ સદર નોટીસનો કોઈ અમલ કરેલ નથી કે તેનો કોઈ કાયદેસરનો જવાબ આપેલ નથી કે ફરીયાદીને ચેકોના નાણા ચુકવી આપેલ નથી. આમ આ આ કામના આરોપી એ જાણી જોઈ પોતાના ખાતામા પુરતું ભંડોળ ન હોવા છતા ફરીયાદ હકીકતે ફરીયાદીને ફરીયાદવાળા ચેક આપી ફરીયાદમાં જણાવેલ હકીકતે તથા તારીખે બેંકમાં ભરાવડાવી, નકારાવી તથા ફરીયાદી એ તે અંગે નોટીસ મોકલાવેલ હોવા છતા તેનો અમલ ન કરી તથા તેનો કોઈ કાયદેસરનો જવાબ ન આપી તથા ફરીયાદીને ચેકના નાણાં ન ચુકવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ :૧૩૮ મુજબનો ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય હાલની આ ફરીયાદ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે.

(૪) વધુમાં આ કામે ફરીયાદી તરફે વિ.વ.શ્રી. ડી. જે. બારોટનું વકીલાતપત્ર તા.૧૩–૧૦–૨૦૧૧ ના રોજ રજુ કરેલ છે તેમજ આરોપી તરફે વિ.વ.શ્રી.વી.પી. તોમરનું વકીલાતપત્ર તા.૨૯–૧૧–૨૦૧૧થી રજુ કરેલ છે.

(૫) આ કામનાં આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ – ૧૩૮ હેઠળ તારીખ : ૧૩–૧૦–૨૦૧૧નાં રોજ દાખલ કરતાં મારા વિ. પુરોગામીશ્રીએ ગુન્હાનું કોગ્નિઝન્સ લઈ ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૨૦૪ મુજબ પ્રોસેસ (કાર્યવાહી આદેશ) ઈસ્યુ કરતાં આરોપીને અદાલત ધ્વારા કાઢવામાં આવેલ સમન્સની બજવણી થતાં આરોપી તેમનાં વિ. વ. શ્રી મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ફરિયાદીએ રજુ કરેલ ફરિયાદ તથા દસ્તાવેજી પુરાવાની નકલ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કર્યા બાદ આંક–૪થી આરોપીનું સ્ટેટમેન્ટ યાને નિવેદન નોંધતા આરોપીએ તેની સમક્ષનાં ગુન્હાનો ઈન્કાર કરતાં આ કામ ફરિયાદી તરફે પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલ.

(૬)વધુમાં હાલના કામે આંક–૪થી લેવામાં આવેલ આરોપીની પ્લી (નિવેદન) સમન્સ ટ્રાયલ રૂપે લેવામાં આવેલ હોય, તેમજ ફરિયાદ પક્ષનો પુરાવો પણ વિગતવાર સમન્સ ટ્રાયલમાં નોંધાયેલ હોય નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદા મહેસાણા નાગરીક સહકારી બેંક વિ. શ્રીજી કેબ ૨૦૧૩ (૦) એસ.સી.સી.૬૨૮ના ચુકાદા મુજબ હાલના કેસની કાર્યવાહી સમન્સ ટ્રાયલ તરીકે ચલાવવામાં આવેલ છે.

(૭) **<u>ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓ</u> :–**

<u>મૌખિક પુરાવો :</u>

ફરીયાદીની સોગંદનામા સ્વરૂપે સરતપાસ આંક–૦૫

<u>દસ્તાવેજી પુરાવો :</u>

અનુ.	આંક	વિગત	તારીખ
૧	૦૮	આરોપીને માલ આપેલ તેનુ બીલ	૦૯/૦૬/૧૧
૨	૦૯	આરોપીએ આપેલ અસલ ચેક નં.૦૯૮૯૮૭	૨૯/૦૮/૧૧
૩	૧૦	ચેક નં. ૦૯૮૯૮૭નો અસલ ચેક રીર્ટન મેમો	૦૭/૦૯/૧૧
૪	૧૧	આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત	૧૫/૦૯/૧૧
૫	૧૨	આરોપીને મોકલેલ નોટીસ રજી. એડી. કર્યા ની પાવતી.	૧૫/૦૯/૧૧
૬	૧૩	રજી. એડી. વાળી નોટીસ પરત આવેલ તે કવર.	૧૬/૦૯/૧૧

(૮) ફરીયાદપક્ષનો ઉપર મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ સીઆર.પી.સી. કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન નોંધવાનાં સ્ટેજ પર હોય, આરોપી હાજર ન હોય, ફરીયાદી પક્ષે આરોપીના વધારાના નિવેદનનો હકક બંધ કરવા આંક–૧૭થી અરજી આપી રજુઆત કરતા તે અરજી હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૯) વધુમાં હાલનું કામ આખરી દલીલો માટે રાખતા ફરીયાદપક્ષના વિ.વ.શ્રી.દ્વારા રકેર્ડ મુજબની મૌખીક દલીલો કરવામા આવેલ છે. વધુમા આરોપી તરફે આ કામે તેમના બચાવમા કોઈ મૌખીક કે લેખીત દલીલો રજુ કરવામા આવેલ નથી.

(૧૦) આ કામે ફરિયાદીની ફરિયાદ તથા રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા દલીલોને ધ્યાને લેતાં આ ફરિયાદનાં નિર્ણય માટે મારી પાસે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ફરિયાદીના કાયદેસરનાં બાકી નિકળતા લેણાં પેટે ફરીયાદીની પેઢીના નામનો ચેક નં.૦૯૮૯૮૭, રકમ રુ.૯૮,૦૦૦/- નો તા. ૨૯/૦૮/૧૧ ના રોજનો એકસીસ બેન્ક લી.અસારવા, અમદાવાદ

શાખાનો ચેક ''***ઈનસફીચન્ટ ફંડસ***'' ના શેરા સાથે પરત ફરતાં તે બદલ ફરિયાદીએ આરોપીને આપેલ નોટીસ મુજબનું આરોપીએ પાલન ન કરી તેમજ ફરિયાદીને ચેકનાં નાણાં ચૂકવી ન આપી, ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

–:: <u>કા ર ણો</u> ::–

<u>મુદ્દા નંબર : ૧</u> :

(૧૨) આ કામે ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ પુરાવા તથા કરવામાં આવેલ દલીલોની ચર્ચા કરતાં અગાઉ અને આરોપીઓ સામેનાં આક્ષેપીત ગુન્હાની ઈન્સાફી કાર્યવાહીમાં આપવામાં આવેલ કારણોનો ઉલ્લેખ કરતાં અગાઉ આ અદાલતના મંતવ્ય મુજબ ફરિયાદીએ તેની ફરિયાદના અનુસંધાનમાં આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા માટે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર સૌ પ્રથમ નીચે મુજબનાં તત્વો પુરવાર કરવા જોઈએ.

(અ) સૌ પ્રથમ તો ચેક કોઈપણ પ્રકારનાં કાયદેસરનાં દેવા અથવા જવાબદારી માટે લખાયેલો હોવો જોઈએ.

(બ) સદરહુ લખવામાં આવેલ ચેક લખાયેલ તારીખથી ૩ મહીનાની અંદર આરોપીની બેન્ક સમક્ષ રજુ થયેલાની હકીકત પુરવાર થવી જોઈએ.

(ક) સદરહુ ચેક પરત ફરતાં ચેક પરત ફર્યાની તારીખથી નિર્ધારીત સમય મર્યાદામાં તે અંગેની જાણ ચેક લખી આપનારાને નોટીસ આપી કરવી જોઈએ.

(ડ) સદરહુ નોટીસ આરોપીને મળવા છતાં નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે એટલે કે, નોટીસ મળવા છતાં નોટીસમાં આપવામાં આવેલ સૂચનાઓનું પાલન આરોપીએ કરેલ નથી તે બાબતની ખાતરી ફરિયાદીએ અદાલતને કરાવવી જોઈએ.

(૧૩) ઉપરોકત પેરામાં જણાવ્યા મુજબ જોગવાઈઓનું પાલન થયેલ છે તે બાબત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર છે. સદરહુ તમામ હકીકત પુરવાર કરવા માટે સ્ટાન્ડર્ડ ઓફ પ્રૂફ ફોજદારી કાયદાનાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ ફરિયાદમાં જણાવેલ હકીકતો કોઈપણ પ્રકારની શંકાથી પર પુરવાર કરવી જરૂરી બને છે. નામ.સર્વોચ્ચ અદાલતે તેમનાં ચૂકાદા **કે.પ્રકાશન વિ. પી.કે.સુરેન્દ્ર ૨૦૦૮ (૨) ક્રિમી. લો જર્નલ ૬૬૩** નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં કરવામાં આવેલ સાબિતી અંગેની જોગવાઈ મુજબ ધી નેગો. ઈ. એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબની હકીકતો ફરિયાદીએ નિ:શંકપણે સાબિત કરવી જોઈએ. સદરહુ હકીકતોનુ સાબિતીનું ધોરણ ફોજદારી કાયદાનાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ શંકાથી પર હોવું જોઈએ.ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮થી કરવામાં આવેલ જોગવાઈઓનું પાલન પુરવાર થયેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ જયાં સુધી વિરોધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીનાં લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, પરંતુ તેમ છતાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ થી વિરુધ્ધનો પુરાવો રજુ કરવાની જવાબદારી તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

કલમ–૧૧૮ નાં વૈધાનિક અનુમાન (સ્ટેચ્યુટરી પ્રિઝમ્પ્શન) થી વિરુઘ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર નાંખવામાં આવેલ છે એટલે કે, વણચૂકવેલ પરત આવેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટેનો ન હતો તે પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર (આરોપી) ઉપર રહે છે. જેથી આરોપી વિરુઘ્ધનો પુરાવો જયાં સુધી રજુ ન કરે એટલે કે,ખંડનાત્મક પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરુઘ્ધનું અનુમાન અદાલતે કરવું જોઈએ. તે મુજબની કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લઈ આ કામે પડેલ પુરાવા અને કરવામાં આવેલ દલીલને અનુસંધાને સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં આ અદાલતનાં મંતવ્ય મુજબ તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં જણાવવામાં આવેલ જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે ચેક તેની કાયદેસરની સમય મર્યાદામાં બેન્કમાં ચૂકવણી અર્થે રજુ થવો જોઈએ, ચેક કાયદેસરનાં લેણાં અથવા જવાબદારી પેટે લખાયેલ છે તથા ચેક અપૂરતાં ભંડોળનાં કારણે પરત ફરેલ છે તથા ચેક પરત ફર્યા બાદ નોટીસ આપવામાં આવેલ છે અને તે નોટીસ આરોપીને મળી ગયેલ છે તે બાબતનો પુરાવો અદાલત નાં રેકર્ડ ઉપર રજુ કરવાની જવાબદારી ફરિયાદીની છે અને ફરિયાદી જયાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી આ અદાલત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ફરિયાદીની તરફેણમાં એટલે કે, ચેકનાં ધારણ કરનારની તરફેણમાં અનુમાન કરી ના શકે અને જો ફરિયાદી એવું ઈચ્છતા હોય કે, અદાલત ફરિયાદીની તરફેણમાં કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરે તો ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની હકીકતો પુરવાર કરવી જોઈએ.

(૧૪) આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામની ફરિયાદ તથા અદાલતનાં રેકર્ડ ઉપર આવેલ હાલનાં કેસની હકીકતો વંચાણે લેતાં

આ કામનાં ફરિયાદીએ તેની ફરિયાદમાં તથા આંક –ર થી રજુ લેખિત સરતપાસ વડે ફરિયાદી ધ્વારાં તેમની ઉપર નાંખવામાં આવેલ તમામ કાયદાકીય આદેશાત્મક જોગવાઈઓનું પાલન થયેલ છે તેવું જણાવી ફરિયાદપક્ષે આ કામે રજુ થયેલ દસ્તાવેજો કાયદેસર રીતે પુરવાર થયેલ છે તેવું જણાવી તથા આંક–૧વાળી ફરિયાદની હકીકતો જણાવી ફરિયાદી હાલનાં કામે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ નિવડેલ હોય તેવું જણાવી કાયદામાં જણાવેલ જોગવાઈઓ મુજબ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૧૫) હાલના કામે આંક–પ થી રજુ ફરીયાદીની લેખીત સરતપાસ હેઠળ બચાવપક્ષના વિ.વ.શ્રી.ધ્વારા કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસ લક્ષમાં લેતાં, આ કામના ફરીયાદી તેમની આંક–પ લગતની સોગંદ પરની મહત્વની એવી ઉલટતપાસમાં જણાવે છે કે,....

<u>એ વાત ખરી છે કે, આંક–૧૧ ની નોટીસમા આરોપીનુ સરનામુ ૬૪, આશીષનગર સોસાયટી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની બાજુમાં મેઘાણીનગર લખેલ છે. એ વાત ખરી છે કે, આંક–૧૧ની નોટીસ જે સરનામે આરોપીને મોકલવામાં આવેલી તે સરનામે આરોપી નોટીસ મોકલી તે સમયે તથા તે પહેલા રહેતો ન હતો.</u> એ વાત ખરી નથી કે, આંક–૧૧ની નોટીસના સરનામે આરોપી ધંધો કરતો ન હતો. **<u>આરોપી ઉપરોકત જણાવેલ સરનામે ધંધો કરતો હતો. તે બતાવતો કોઈ પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે, આંક–૧૧ ની નોટીસ જે સરનામે મોકલવામાં આવેલ છે. તે મીલકતમા આરોપી કે તેમના સબંધીઓની કોઈ ફર્મ આવેલ નથી કે, તેઓ ધંધો કરતા નથી.</u>** એ વાત ખરી નથી કે , આંક – ૧૧ની નોટીસના સરનામે આરોપી રહેતા ન હતા.

<u>એ વાત ખરી છે કે, આંક–૧૩નુ કવર '' નોટ નોન'' ના શેરાથી પરત આવેલ છે.એ વાત ખરી છે કે, નોટ નોનનો મતલબ એવો થાય છે કે, આ સરનામે કોઈ વ્યકિત રહેતી નથી. આંક–૧૩નુ કવર પરત આવ્યા બાદ, આરોપી આ સરનામે રહે છે કે કેમ? તેની તપાસ કરેલ નથી</u>. મે આ કવર પરત આવ્યા

બાદ, મારા સ્ટાફ આનંદભાઈ મારફતે તપાસ કરાવેલી. <u>**એ વાત ખરી છે કે, આરોપી આંક–૧૩વાળા કવરના સરનામે રહે છે, તેવી હકીકત ફરીયાદ અને સોગંદનામામા જણાવેલ નથી.**</u> <u>**એ વાત ખરી છે કે, આંક–૧૧ વાળી નોટીસ આંક–૧૩ વાળા કવરથી પરત આવી ત્યારબાદ, આરોપીની તપાસ કરાવી ત્યારે જાણવા મળેલ કે, આરોપી ૬૪ આશીષનગર સોસાયટી નહી પરંતુ, ૬૩ કેશવબાગ સોસાયટી મુકામે રહે છે.આરોપીને કેશવબાગ સોસાયટીના સરનામે ચેક રીર્ટન આવ્યાની નોટીસ મોકલાવેલ નથી. આ ફરીયાદ દાખલ કરી તે પહેલા આરોપી કેશવનગર મુકામે રહે છે**</u>. તેવી મને જાણ હોવા છતાં,મે આરોપીને તે સરનામે નોટીસ મોકલેલ ન હતી તેનુ કારણ એવુ છે કે, મને આરોપી આ સરનામે રહે છે તેની ચોકકસ માહીતી ન હતી. એ વાત ખરી નથી કે, આંક–૧૧ વાળી નોટીસ ખોટા સરનામે મોકલેલ છે.

<u>**આંક–૧૧ની નોટીસ જે જગ્યાએ મોકલી હતી,તે જગ્યાએ આરોપી સાથે કોઈ માલની લેવડ દેવડ કે નાણાકીય વ્યવહાર થયેલ નથી**</u>. <u>**એ વાત ખરી છે કે, આરોપી કઈ જગ્યાએ ધંધો કરે છે તેની મને ખબર ન હોવાથી આરોપીના ઘરે નોટીસ મોકલેલી.**</u> એ વાત ખરી છે કે, ફરીયાદ તથા સરતાસમા આરોપી આંક –૧૩ના સરનામે રહેતા હોવા છતાં, '' નોટ નોન'' ના શેરા સાથે કવર પાછુ મોકલ્યુ છે તેવી હકીકત જણાવેલ નથી.

એ વાત ખરી છે કે, ફરીયાદીએ તેમના હોલસેલ કાપડના ધંધાનુ કોઈ રજીસ્ટ્રેશન કરાવેલ નથી.એ વાત ખરી નથી કે, ફરીયાદ, સરતપાસ અને નોટીસ આરોપી કાપડનો ધંધો કરતા હોવાનુ ખોટુ જણાવેલ છે. <u>**એ વાત ખરી છે કે, ફરીયાદ, નોટીસ અને સરતપાસમા આરોપી કયા નામથી કાપડનો ધંધો કરે છે તે જણાવેલ નથી. આ કામે આરોપી કયા નામથી કાપડનો ધંધો કરે છે તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આરોપી મયુર રાજુભાઈ માળીના નામથી કાપડનો ધંધો કરે છે તે અંગેનો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી**</u>. <u>**એ વાત ખરી છે કે, આરોપી સાથે ઓળખાણ કોઈ દલાલ મારફતે થયેલ હોય તેવુ બનેલ નથી. આરોપી સાથે કાપડના ધંધા અંગે કઈ જગ્યાએ અને કયારે સંપર્ક થયેલો તે ફરીયાદ, નોટીસ અને સરતપાસમા જણાવેલ નથી. આરોપી કાપડની**</u>

<u>**કોઈ ઈન્કવાયરી માટે આવેલ હોય અને પરીચય થયેલ હોય તેવુ ફરીયાદમા જણાવેલ નથી. આરોપી સાથે ધંધાકીય ઓળખાણ કેવી રીતે થયેલ તે જણાવી શકુ તેમ નથી.**</u>

<u>**મને આરોપીએ કાપડનો ઓર્ડર ચોકકસ કઈ તારીખે આપેલો તેની હકીકત ફરીયાદ, નોટીસ અને સરતપાસમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ મને કાપડનો ઓર્ડર આપેલો. તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો કે ઓર્ડરનુ ફોર્મ આ કામે રજુ કરેલ નથી**</u>. અમારી પેઢી દરેક બીલો ડ્રીપ્લીકેટ બનાવે છે. અમારી પેઢી ડીલીવરી ચલણ બનાવતી કે રાખતી નથી. અમે જે ગ્રાહક ને માલ વેચાણ કરીએ છીએ તેની કોઈ પહોંચ મેળવતા નથી. અમારી પેઢી માલની ડીલીવરી પોતે જાતે જ કરાવે છે. કયા ગ્રાહકને અમારા કયા માણસ કેટલા માલની ડીલીવરી આપી તેની કોઈ નોંધ અમે રાખતા નથી.

<u>**એ વાત ખરી છે કે,આરોપીએ આશીષ ગોયેલ એન્ટરપ્રાઈઝ નામની પ્રોપ. ફર્મને ૫૧૨ મીટર વાયબ્રન્ટ કવોલીટીનુ પેન્ટનુ કાપડ ખરીદવા ઓર્ડર કઈ તારીખે, કયા મહીને અને કયા વર્ષમા આપેલો ? તેનો ઉલ્લેખ ફરીયાદ, નોટીસ અને સરતપાસમા કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદ, નોટીસ અને સરતપાસમા એવુ જણાવેલ નથી કે, આશીષકુમાર ગોયલ નામની ફર્મે મયુર રામજીભાઈ માળીને તા. ૯/૬/૧૧ ના રોજ બીલ નં.૬૪ થી રુ.૯૮,૦૦૦/- નો વાયબ્રન્ટ કાપડ ૫૧૨ મીટર વેચાણ કરેલ અને બીલ બનાવી આપેલ છે.**</u> એ વાત ખરી છે કે, બીલ કોણે બનાવેલ તેની વિગત ફરીયાદ, નોટીસ કે સરતપાસમા લખેલ નથી. <u>**એ વાત ખરી છે કે, કઈ તારીખના ઓર્ડર ફોર્મ થી માલ મંગાવેલો તેનો ઉલ્લેખ ફરીયાદ, નોટીસ અને સરતપાસમા કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક-૮ મા જે સરનામુ - ૬ મહાત્મા માર્કેટ, નગરશેઠનો વંડો, ઘીકાંટા, અમદાવાદ લખેલ છે તે સરનામે આરોપી સાથે કોઈ પત્ર વ્યવહાર કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીને ૬ મહાત્મા માર્કેટ, નગરશેઠનો વંડો, ઘીકાંટા, અમદાવાદ ખાતે માલની ડીલીવરી આપી હોય તેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી.**</u> <u>**એ વાત ખરી છે કે, આંક-૮ મા જણાવેલ સરનામે આરોપી સને ૨૦૧૧મા ધંધો કરતા હતા તે બતાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી.**</u>

એ વાત ખરી છે કે, આંક–૮ના સરનામે આરોપી પાસેથી કોઈ માલનો ઓર્ડર લાવેલ હોય કે કોઈ પેમેન્ટ લાવેલ હોય તેવુ બનેલ નથી. આંક–૮ વાળુ બીલ અમે ટ્રીપ્લીકેટમા બનાવેલ છે. આ ત્રણ કોપીમા પહેલી કોપી ગ્રાહકને, બીજી કોપી ડીલીવરી આપવા જનારને અને ત્રીજી કોપી અમારી પાસે રહે છે. એ વાત ખરી છે કે, પ્રથમ કોપી અસલ હોય છે અને બાકીની કોપી કાર્બન કોપી હોય છે. એ વાત ખરી નથી કે, આ કામે બીલની ત્રીજી કાર્બન કોપી રજુ કરેલ નથી.

એ વાત ખરી નથી કે, જે વ્યકિતને માલ મોકલીએ છીએ તે માલ લઈને બીલમા સહી કરીને પરત આપે છે. ગ્રાહકને મોકલવામા આવેલ માલ તેને મળેલ છે કે કેમ? તેનો આધાર અમારી પાસે હોતો નથી. એ વાત ખરી છે કે, આંક–૮ વાળા બીલનો માલ આરોપીને ત્યા કઈ તારીખે, કયા મહીનામા, કયા વર્ષમા અને કયા મજુર મારફતે ડીલીવરી કરાવેલ છે તેની વિગતો જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીને ત્યાં ૬, મહાત્મા ગાંધી માર્કેટ, ધીકાંટા રોડ, અમદાવાદ ખાતે આંક–૮ના માલની ડીલીવરી કરેલ હોય તેનો લેખીત આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ૬, મહાત્મા ગાંધી માર્કેટ, ધીકાંટા રોડ, અમદાવાદ ના સરનામે કોઈ નોટીસ આરોપીને મોકલાવેલ નથી. આંક–૮ વાળો માલ કયારે અને કોની પાસેથી ખરીદેલો તે હુ કહી શકુ તેમ નથી.

એ વાત ખરી છે કે, આરોપીએ અમારી હાજરીમા ચેક વિગતો લખી સહી કરેલાનુ બનેલ નથી. એ વાત ખરી છે કે, તકરારી ચેક તા.૨૯/૮/૨૦૧૧ના રોજ એકઝીકયુટ કરવામાં આવેલ તેવુ મારી ફરીયાદ સરતપાસ અને નોટીસમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદ, સરતપાસમા આરોપીએ ચેક લખી આપેલો તેવી હકીકત લખેલ છે તે ખોટી લખેલ છે. એ વાત ખરી છે કે, મારી ફરીયાદ, સરતપાસ અને નોટીસમા આંક–૯ના ચેકની ડીલીવરી મને કઈ તારીખે, કયા વર્ષમા, કોની હાજરીમાં, કયા સ્થળે આપેલી તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૯ વાળો ચેક મને તા. ૨૯/૮/૧૧ના રોજ મળેલ હોય તે બતાવતો કોઈ પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદ, સરતપાસ અને નોટીસમા એવુ જણાવેલ નથી કે, બીલ નં.૬૪

તા.૯/૬/૧૧મા જણાવેલ રકમ રુ.૯૮,૦૦૦/- પેટે આરોપીએ આંક-૯ વાળા ચેકની ડીલીવરી આપેલ છે. આંક-૮ વાળા બીલના માલની ડીલીવરી આરોપીને મળી ગયેલ છે અને તેની ચુકવણી પેટે આંક-૯ વાળો ચેક એકઝીકયુટ કરવામા આવેલ છે તેવુ ફરીયાદ, નોટીસ કે સરતપાસમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બીલ નં.૬૪મા જણાવેલ માલની ડીલીવરી આરોપીને મળી ગયેલ હોય તેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આંક-૯ના ચેકની વિગતો આરોપીની જાણ બહાર મનસ્વી રીતે ભરી, ભરાવડાવી છે.

(૧૬) હાલના કામે બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા તારીખ: ૧૨/૩/૨૦૧૩, તા.૧૪/૭/૨૦૧૪ અને તા.૮/૧૦/૨૦૧૫ના રોજ ફરીયાદીની ઉપર મુજબની વિગતવારની ઉલટતપાસ લીધા બાદ, હાલનુ કામ ફરીયાદીની વધુ ઉલટતપાસ માટે અવાર નવાર મુલતવી રાખવામા આવેલ છે. પરંતુ, આ કામના આરોપી તથા તેમના વિ.વ.શ્રી. ધ્વારા અદાલત સમક્ષ હાજર થઈ ફરીયાદીની ઉલટતપાસ પુરી કરવા કોઈ પ્રયત્ન કરવામા ન આવતા આંક-૧૫ની અરજી લગત તા. ૨૬/૩/૨૫ ના રોજ થયેલ હુકમ મુજબ આરોપી તરફે ફરીયાદીની વધુ ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૧૭) વધુમાં હાલના કામે ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, આ કામે ફરીયાદી તરફે આંક-૮ થી અસલ ઈનવોઈસ / બીલ નં.૬૪ તા.૯/૬/૨૦૧૧ના રોજનુ રજુ કરવામાં આવેલ છે. જે બીલમાં આરોપીનુ નામ મયુર રાજુભાઈ માલી, એડ્રેસ ૬- મહાત્મા માર્કેટ, અમદાવાદ લખવામા આવેલ છે. આંક-૮ થી રજુ સદરહુ બીલ ધ્યાનપુર્વક વંચાણે લેતા બીલમા જણાવેલ માલ હાલના આરોપીએ સ્વીકારેલ હોય તે બદલનો કોઈ લેખીત શેરો સદરહુ બીલમા કરવામાં આવેલ નથી. આ કામના ફરીયાદી તેમની સોગંદ ઉપરની ઉલટતપાસમા એ હકીકત કબુલ રાખે છે કે, આંક-૮ વાળા બીલમા જણાવેલ માલ હાલના

આરોપીને મળી ગયેલ છે. તે બતાવતો કોઈ લેખીત આધાર પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, સદર કામે રેર્ક ઉપરનો સમગ્ર પુરાવો વંચાણે લેતા, બચાવપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ દરમીયાન આંક–૮ના બીલમા જણાવેલ માલ આરોપીને મળી ગયેલ હોવા બાબતેની તકરાર ઉઠાવવામા આવેલ છે. ફરીયાદપક્ષ ધ્વારા આરોપીની તકરારના અનુસંધાને કોઈ લેખીત આધાર પુરાવા રજુ કરવામા આવેલ નથી. રેકર્ડ ઉપરની તમામ હકીકતો લક્ષમા લેતા આંક –૮ વાળા બીલમા જણાવ્યા મુજબનો માલ હાલના આરોપીએ સ્વીકારેલ હોવાનો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ ન હોય, આંક–૮ના બીલમા જણાવ્યા મુજબનો માલ આ કામના ફરીયાદીએ આરોપીને મોકલાવેલ હોવાનુ અને તે માલની રકમની ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક ફરીયાદીને આપેલ હોવાનુ સાબીત થતુ નથી.

(૧૮) વધુમા સદર કામે આંક–૫ હેઠળની ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને રાખી, આંક–૧૧ થી રજુ તા. ૧૫/૯/૨૦૧૧ના રોજની નોટીસ વંચાણ લેતા, જે નોટીસના મથાળે આરોપી મયુર રાજુભાઈ માળી રહે. ૬૪, આશીષનગર સોસાયટી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની બાજુમા, મેઘાણીનગર, અમદાવાદ લખવામાં આવેલ છે. વધુમાં, આંક–૧૨ થી રજુ રજીસ્ટર પોસ્ટ એડી. કર્યાની પાવતી ધ્યાને લેતા, આંક–૧૧ વાળુ કવર આરોપીને ઉપરોકત સરનામે મોકલાવેલ હોવાનુ ફલિત થાય છે. આંક–૫ લગતની ફરીયાદીની ઉલટતપાસ તથા રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપી તે ૬૪, આશીષનગર સોસાયટી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની બાજુમા, મેઘાણીનગર, અમદાવાદ ખાતે રહેતા હોય કે સદરહુ સરનામે કોઈ કામ ધંધો કરતા હોય તે બતાવતો કોઈ પુરાવો ફરીયાદી ધ્વારા આ કામે રજુ કરવામાં આવેલ નથી.

(૧૯) વધુમા સદર કામે આંક–૧ની ફરીયાદ તથા આંક–૫ થી રજુ સોગંદ ઉપરની સરતપાસમા આ કામના ફરીયાદી ધ્વારા આરોપીને મોકલાવેલ રજીસ્ટર પોસ્ટ એડીનુ કવર '' નો કલેઈમ'' ના શેરાથી પરત આવેલ હોવાનુ જણાવવામાં આવેલ છે. આંક–૧ની ફરીયાદ અને આંક–૫ ની સરતપાસમા જણાવેલ ઉપરોકત હકીકતો ધ્યાને રાખી, સદર કામ આંક–૧૩ થી રજુ અસલ રજીસ્ટર પોસ્ટ એડી કવર ધ્યાને લેતા, સદરહુ કવર '' નોટ નોન'' ના શેરાથી તા.૧૬/૯/૨૦૧૧ના રોજ પરત ફરેલ હોવાનુ જણાઈ આવતુ હોય, આંક–૧ ની ફરીયાદ અને આંક–૫ના સોગંદનામામા ફરીયાદી ધ્વારા સદરહુ કવર '' નોટ કલેઈમ'' ના શેરાથી પરત ફરેલ હોવાની હકીકત કોર્ટને ગેરમાર્ગે દોરવાના ઈરાદાથી ખોટી રીતે દર્શાવવામા આવેલ હોવાનુ સાબીત થાય છે.

(૨૦) આંક–૫ હેઠળની ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતા, આ કામના આરોપી ધ્વારા આંક–૯ વાળો તકરારી ચેક તે આંક–૮ના બીલમા જણાવેલ માલ સ્વીકારી તેની ચુકવણી પેટે ફરીયાદીને આપેલ હોવાનુ સાબીત થતુ નથી.

(૨૧) હાલના કામે બંને પક્ષકારો તર્ફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં તકરારી ચેક આરોપીએ ફરીયાદીને તેમના કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં, આરોપી પાસે કોઈ કાયદેસરનું લેણુ બાકી હોય અને જે પેટે આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવાની જવાબદારી પેટે કોઈ ચેક લખી આપેલ હોય તેવુ પુરવાર થતુ નથી. આમ હાલના કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરતાં ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૩ માં કરવામાં આવેલ ''**સાબીતી**''ની વ્યાખ્યા ધ્યાને લેતાં, આ કામના આરોપીએ ફરીયાદીને તેમની કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે તકરારી ચેક લખી આપેલ હોવાનું પુરવાર થતુ નથી.

(૨૨) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **સુરેશચંદ્ર ચંદ્રશંકર જોષી વિ. સ્ટેટ ઓફ ગુજરાત લોઝ(જીજેએચ)–૨૦૦૯–૧૦–૧૬૨** વંચાણે લેતા....

The presumption under section 139 is mandatory but rebuttable by proof of facts contrary to the receipt of cheque for discharge of any debt or other liability. The initial burden, however, of proving that the cheque was drawn by the drawee for payment of any amount of money and it being returned by the bank unpaid remains with the complainant. The presumptions under section 118 are also mandatory but rebuttable and could be availed only until the contrary is proved. Even as a bill of exchange, by definition, requires signature of the maker as also direction to pay a certain sum of money only to or to the order of a certain person or to the bearer of the instrument, the provisions of section 20 permits signature and delivery of an incomplete negotiable instrument and provides that the maker thereby gives prima facie authority to the holder thereof to make or complete it into a negotiable instrument and makes the signatory of such instrument liable to any holder in due course to the extent of the amount intended to be paid thereunder. Therefore, harmonious reading of the provisions of sections 5, 6, 20, 118 and 139 would clearly indicate that a cheque could be drawn, delivered and received by the payee or holder in due course and could legally be completed under a legal authority and when such inchoate instrument is completed to make it a negotiable instrument, it would fall within the definition of “bill of exchange” and would render the signatory liable upon such instrument to the extent the amount mentioned therein is intended by him to be paid thereunder. Unless and until contrary is proved, such negotiable instrument would be presumed to be made or drawn for consideration and receipt thereof would be presumed to

be for discharge, in whole or in part, of any debt or other liability. However, such debt or other liability is not by any legal presumption presumed to be a legally enforceable debt or other liability. Therefore, the onus of proving that the presumed or proved debt or legal liability was legally enforceable remains with the complainant. Consequently, in all given fact-situations, the Court is required to examine whether the presumptions regarding consideration and there being any debt or other liability are rebutted by the accused person by preponderance of probabilities and whether the complainant has proved that the debt or other liability, presumed or proved by overwhelming evidence, was legally enforceable. Although there is no presumption as regards any debt or other liability being legally enforceable, it would be found that once a debt or other liability is presumed and not properly rebutted, it would be legally enforceable, unless and until it is shown to be legally unenforceable. Such scheme of the provisions of law clearly indicates the object of serving the purpose of realization of the promise apparently contained in a negotiable instrument, which is that the amount for payment of which the bill of exchange was intended to be made will be paid to the payee or the holder in due course.

It is true that the accused person did not lead any evidence to prove any payment by him but the liability was clearly disputed in defence and an added burden was cast upon the complainant to prove not only that there was an existing debt or liability but that debt or other liability was legally enforceable, particularly in view of the fact that the dates in the cheques were filled up in different hands for the purpose of recovering the debt which had admittedly arisen five years before that date.

As observed by the Supreme Court in **Krishna Janardhan Bhat v. Dattatraya G. Hegde [AIR 2008 SC 1325],** existence of legally recoverable debt is not a matter of presumption under section 139 of the Act. It merely raises a presumption in favour of the holder of a cheque that the same has been issued for discharge of any debt or other liability. And, as held by the Apex Court in **M.S.Narayana Menon v. State of Kerala (2006) 6 SCC 39,** it is not necessary for the defendant to disprove the existence of consideration by way of direct evidence. The standard or proof evidently is preponderance of probabilities and necessary inference could be drawn not only from the materials on record but also by reference to the circumstances upon which the accused relies. In **Kamala S. Vidhyadharan M.J. [2008 (1) GLR 423]**, the Supreme Court also held it to be well-settled that when two views were possible, the High Court exercising its appellate power against a judgment of acquittal shall not ordinarily interfere. In **John K. John v. Tom Varghese [(2007) 12 SCC 714],** the Supreme Court held that the High Court was entitled to take notice of the conduct of the parties and draw its own conclusion. If, upon analysis of the evidence brought on record by the parties, a finding of fact has been arrived at that the cheque had not been issued by the respondent in discharge of any debt, it could not be said to be perverse. Therefore, even assuming in favour of the complainant that there was an existing debt or liability for payment of which the cheques were drawn, or allowed to remain with the complainant, it was not perverse for the trial Court to conclude that the complainant had failed to prove beyond reasonable doubt that the debt was legally recoverable on the date of the cheques in question.

(૨૩) ઉપરકોત ન્યાયચીક ચુકાદો ઘ્યાને લેતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ થી કરવામાં આવેલ જોગવાઈઓનું પાલન પુરવાર થયેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ જયાં સુધી વિરોધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીના લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, પરંતુ તેમ છતાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૯ થી વિરુઘ્ધનો પુરાવો રજુ કરવાની જવાબદારી તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૧૮ નાં વૈધાનિક અનુમાન (સ્ટેચ્યુટરી પ્રિઝમ્પ્શન) થી વિરુઘ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર નાંખવામાં આવેલ છે એટલે કે, વણચૂકવેલ પરત આવેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટેનો ન હતો તે પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર (આરોપી) ઉપર રહે છે. જેથી આરોપી વિરુઘ્ધનો પુરાવો જયાં સુધી રજુ ન કરે એટલે કે, ખંડનાત્મક પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરુઘ્ધનું અનુમાન અદાલતે કરવું જોઈએ. તે મુજબની કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લઈ આ કામે પડેલ પુરાવા અને કરવામાં આવેલ દલીલને અનુસંધાને સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં આ અદાલતનાં મંતવ્ય મુજબ તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ માં જણાવવામાં આવેલ જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે ચેક કાયદેસરના લેણા પેટે આરોપીએ આપેલ છે તે બાબતનો પુરાવો અદાલતનાં રેકર્ડ ઉપર રજુ કરવાની પ્રાથમીક જવાબદારી ફરિયાદીની છે અને ફરિયાદી જયાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી આ અદાલત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ફરિયાદીની તરફેણમાં એટલે કે,ચેકનાં ધારણ કરનારની તરફેણ માં અનુમાન કરી ના શકે અને જો ફરિયાદી એવું ઈચ્છતા હોય કે, અદાલત ફરીયાદી ની તરફેણમાં કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરે તો ફરિયાદીએ ધી નેગોશીએબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની હકીકતો પુરવાર કરવી જોઈએ.

(૨૪) વધુમાં હાલના કામે રજુ થયેલ તમામ પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરતાં, જયારે ફરીયાદીએ તેમની સોગંદ પરની જુબાનીમાં આરોપી સાથે ફરીયાદમાં જણાવ્યાં મુજબ કાપડનો માલ વેચાણ આપેલ વ્યવહાર બાબતે કોઈપણ જાતનો આધારભુત પુરાવો રજુ કરેલ નથી. ધી. નેગો. ઈન્સ્ટુ. એકટ ની કલમ–૧૩૯ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ ખંડનાત્મક પુરાવો, માત્ર પુરાવો રજુ કરવાથી જ પુરવાર થતો નથી પણ શકયતાની પ્રબળતા તેમજ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ સંજોગોને ઘ્યાને રાખીને પણ અનુમાન કરી શકાય તેમ છે. આરોપી ઉપર પુરાવાનો બોજો ફરીયાદી જેટલો વધારે નથી તે સિઘ્ધાંતને ઘ્યાને રાખી ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ– ૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ ઘ્યાને લેતાં, ચેક સમગ્ર રીતે અથવા અંશત: રીતે કોઈપણ દેવુ કે જવાબદારી અદા કરવા આપવામાં આવેલ હોય, અને તેવુ દેવુ અથવા અન્ય કોઈપણ જવાબદારી જેને કાયદેસર રીતે અમલ કરાવી શકાય તે મુજબની હકીકત પુરવાર કરવાની પ્રાથમીક જવાબદારી ફરીયાદીની હોય છે.

(૨૫) આમ રેકર્ડ પરનો તમામ પુરાવો ઘ્યાને લેતાં, આંક–૧ ની ફરીયાદમા જણાવ્યા મુજબ આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી પેન્ટના કાપડનો માલ ખરીદી તેની જવાબદારી પેટે તકરારી ચેક ફરીયાદીને આપેલ હોવાનું પુરવાર થતુ નથી. ધી. નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આરોપીએ ચેક કાયદેસરના લેણાં કે જવાબદારી પેટે આપેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શીરે રહે છે. હાલના કામે ફરીયાદીએ જે ધંધાકીય વ્યવહારને આધાર બનાવી આરોપીએ તેમને તકરારી ચેક આપેલા હોવાનું જણાવે છે તે ધંધાકીય વ્યવહાર ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ,

તકરારી ચેક આરોપીએ ફરીયાદીને તેમના કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા, આરોપી પાસે કોઈ કાયદેસરનું લેણુ બાકી હોય અને જે પેટે આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવાની જવાબદારી પેટે કોઈ ચેક લખી આપેલ હોય તેવુ પુરવાર થતુ નથી. આમ હાલના કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરતાં ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૩ માં કરવામાં આવેલ ''**સાબીતી**''ની વ્યાખ્યા ધ્યાને લેતાં, આ કામના આરોપીએ ફરીયાદીને તેમની કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે તકરારી ચેક લખી આપેલ હોવાનું પુરવાર થતુ નથી.

(૨૬) આમ,હાલના કામે આંક–૯ થી રજુ ચેક આરોપીએ ફરીયાદીને કોઈ દેવા કે જવાબદારી પેટે આપેલ હોવાનું પુરવાર થતુ નથી. ધી નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈનું પાલન પરીપુર્ણ થયેથી અથવા ઉપરોકત જોગવાઈનું પાલન કરવામાં આવેલાની હકીકત પુરવાર થયેથી ધી નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ મુજબનુ આરોપી વિરૂઘ્ધનું અનુમાન અદાલત ઘ્વારા કરવાનુ હોય છે, પરંતુ અદાલતનુ સમગ્ર રેકર્ડ તથા પડેલ પુરાવો વંચાણે લેતા આ અદાલતના મંતવ્ય મુજબ તથા ધી નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ માં જણાવવામાં આવેલ જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે આરોપી ઘ્વારા આપવામાં આવેલ આંક–૯ વાળો ચેક કાયદેસરના દેવા અથવા જવાબદારી પેટે લખાયેલ છે તે હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી. જેથી આ કામે ઘડવામાં આવેલ મુદ્દા નં.–૧ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.– ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

૧/– આરોપી નામે **મયુર રાજુભાઈ માળી,** ઉવ.પુખ્ત. ધંધો: વેપાર, રહેવાસી: ૬૪, આશીષનગર સોસાયટી, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની બાજુમાં, મેઘાણીનગર, અમદાવાદ. તથા રહેવાસી: ૬૩, કેશવબાગ સોસાયટી, ગર્વમેન્ટ કોલોની સામે, મેઘાણીનગર,અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ની કલમ–૨૫૫ (૧) અન્વયે ધી નેગો.ઈન્સ્ટુ.એકટ ની કલમ– ૧૩૮ ના ગુન્હા સબબના ફોજદારી કેસ નં.૭૮૩/૨૦૧૧ ના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨/– વધુમાં આરોપીને ક્રિમી. પ્રો. કોડ,૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ આદેશ કરવામાં આવે છે કે, આરોપીએ અપીલ અદાલતમાં હાજર રહેવા માટે છ માસના સમય મર્યાદાનાં રૂા.૧૫,૦૦૦/ (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નાં સધ્ધર સ્થાનિક જામીન તથા તેટલીજ રકમનાં જાતમુચરકા અત્રેની અદાલતમાં લખી આપવા.

હુકમ આજરોજ તારીખ : ૧૯મી માહે : એપ્રિલ, સને : ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૯–૦૪–૨૦૨૫

(**દીપક હસમુખભાઈ ખંભાતી**)
બીજાં એડિશ્નલ ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪૬, અમદાવાદ સીટી
<u>UIC No. : GJ00866</u>

RDP.A.